# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2560 ❖ ભાદ્રપદ પૂર્ણિમા ❖ 6 સપ્ટેમ્બર 2017 ❖ વર્ષ – 18 ❖ અંક – 6 ❖ સળંગ અંક - 210

## ધમ્મવાણી

न तेन होति धमट्ठो येतऽत्थं सहसा नये।
यो च अनत्थं च उमो निच्छेय्य पण्डितो ।।१।।
असाहसेन धम्मेन समेन नयती परे।
धम्मस्स गुत्तो मेधावी धम्मट्ठो त पवुच्चति।।२।।
–धम्मपद

જે માણસ કોઈ પણ હકીકતનો ફેંસલો સાહસથી એટલે વગર વિચાર્યે કરી નાખે છે, તેટલા માત્રથી તે ધર્મસ્થ–ધર્માધિકારી–ન્યાયાધીશ થઈ શકતો નથી; પરંતુ જે ડાહ્યો માણસ ખરી અને ખોટી બંને વાતોનો બરાબર નિશ્ચય કરીને પછી તે વિશે ઉતાવળ કર્યા વિના બરાબર વિચાર કરીને ધર્મ પ્રમાણે સમભાવથી બીજાઓને દોરે છે, તે માણસને ધર્મ વડે સુરક્ષિત અથવા પુષ્ટ બુદ્ધિમાન અને ધર્મસ્થ કહેવો ઘટે.

## ધર્મદાનની પારમીનો અવસર

માનવજાતિના ઇતિહાસમાં ક્યારેક જ એવા કોઈ સત્પુરુષ જન્મ લે છે જે જનકલ્યાણાર્થે એવું કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય કરી જાય છે, જેનો પ્રભાવ લોકજીવન પર સદીઓ સુધી રહે છે. સયાજી ઊ બા ખિન એવા એક ધર્મપુરુષ હતા, સંતપુરુષ હતા; ગુરુશિષ્ય પરંપરાથી પ્રાપ્ત થયેલી જે વિપશ્યના વિદ્યાનું બર્માએ સદીઓ સુધી વિશુદ્ધરૂપમાં જતન કર્યું, તે પરંપરાના તેઓ ચમકતા તારક હતા! આમ તો તેમના હૃદયમાં સમગ્ર વિશ્વ માટે અપાર કરુણા છલકાતી રહેતી. પરંતુ, ભારત માટે તેમનો પ્રેમ અનુપમ હતો, અનેરો હતો. તેઓ કહેતા કે કોણ જાણે કેટલી યે વાર હું ભારતમાં જન્મ્યો છું અને કેટલાયે જન્મોમાં મેં હિમાલયની ગિરિકંદરાઓમાં ધ્યાન કર્યું છે! આ સદીના છઠ્ઠા દાયકામાં બિહારમાં જ્યારે સતત બે વર્ષ સુધી દુષ્કાળ પડ્યો તો ત્યાંના દુષ્કાળગ્રસ્ત લોકો પ્રત્યે તેમના ચિત્તમાં કરુણાનો સાગર ઊમટ્યો! રંગૂનના વિપશ્યના કેન્દ્રના ધ્યાનખંડની સમીપે એક કુશળ શિલ્પી દ્વારા હિમાલયની પ્રતિકૃતિ બનાવડાવી અને પ્રતિદિન પરોઢિયે ચાર વાગ્યે ઊઠીને ધ્યાન કર્યા બાદ આ પ્રતિકૃતિ પાસે લાંબા સમય સુધી ઊભા રહીને મંગલમૈત્રી આપતા રહેતા:

> ભારતના લોકો દુઃખમુક્ત થાઓ! ભારતના લોકો ધર્મલાભી થાઓ! ભારતના લોકોનું કલ્યાણ થાઓ! જે દેશમાં સિદ્ધાર્થ ગૌતમે સમ્યક્સંબોધિ પ્રાપ્ત કરી, જે કેવળ તેના પોતાના માટે જ નહિ, બલ્કે સમસ્ત વિશ્વને માટે પરમ કલ્યાણનું કારણ બની, તે જ દેશના લોકો આજે કેટલા પીડિત છે! કેટલા દરિદ્ર છે! કેટલા દુઃખી છે! ત્યાં ધર્મના નામે શું થઈ રહ્યું છે! નાતજાતના, ઊંચનીચના, મતમતાંતરોના, સંપ્રદાયોના કેવા હિંસક વર્ગવિગ્રહો તથા અંતર્વિરોધો ચાલી રહ્યા છે! દ્વેષ-દુર્ભાવના તેમ જ અમાનુષી હત્યાઓનો કેવો આતંક ફેલાએલો છે! જે પાવન ધરતી પર વિપશ્યના રૂપી શુદ્ધ સદ્ધર્મની ઉત્પત્તિ થઈ અને જે દેશ અનેક સદીઓ સુધી વિશ્વના દુખિયારા લોકોમાં આ વિદ્યાનું વિતરણ કરતો રહ્યો, તે જ દેશ આજે આ વિદ્યાથી વંચિત છે! ત્યાંના લોકોનું કેવડું મોટું દુર્ભાગ્ય કે આ મહાન વિદ્યાનો લાભ લેવો તો ઠીક, તેઓ 'વિપશ્યના' શબ્દ જ ભૂલી ગયા છે! એ મહાન દેશને પોતાની આ પુરાતન અધ્યાત્મ વિદ્યા પુનઃ પ્રાપ્ત થાય તો સઘળા વિગ્રહ-વિદ્રોહ આપોઆપ સમાપ્ત થઈ જાય!

તેઓ અવારનવાર કહેતા કે સદીઓ પૂર્વે બર્માએ ભારત પાસેથી આ અમૂલ્ય રત્ન પ્રાપ્ત કરેલું. હવે સમય પાક્યો છે, મારે આ ઋણ ચૂકવવાનું છે. જે અણમોલ થાપણનું અમારા ગુરુજનોએ આટલા પરિશ્રમથી જતન કર્યું તે થાપણ હવે ભારતને પરત સોંપવાની છે. તેઓ કરુણચિત્તે આ કલ્યાણી ભાવના વારંવાર પ્રગટ કરતા રહેતા કે પોતે સ્વયં ભારત જઈને આ ઋણ ચૂકવે; પરંતુ રાજનૈતિક પરિસ્થિતિવશ તેઓ ભારત આવી ન શક્યા. તેમ છતાં તેમના મુખેથી અનેક વાર આ ધર્મવાણી સરી

પડતી કે હવે વિપશ્યનાનો ડંકો વાગ્યો છે, એ શીઘ્ર ભારત પાછી ફરવાની છે. તેમને પૂર્ણ વિશ્વાસ હતો કે અતીતકાળના કોઈ સંતની એ ભવિષ્યવાણી અવશ્ય સફળ થવાની છે કે તથાગતના અઢી હજાર વર્ષ બાદ બર્મામાં સચવાઇ રહેલી આ વિદ્યા પુનઃ ભારત પાછી ફરશે અને ત્યાં પુણ્યપારમીસંપન્ન અનેક લોકો તેને સહર્ષ સ્વીકૃતિ આપશે; ત્યાર બાદ આ વિદ્યા ભારતમાંથી સમગ્ર વિશ્વમાં ફેલાશે અને ખૂબ લોકકલ્યાણ કરશે. તેઓ વિવશ હતા, તેથી સ્વયં ભારત ન આવી શક્યા. પરંતુ પોતાનું મંગલ સ્વપ્ન તો તેઓએ પૂર્ણ કરવું જ હતું. મૂળ ભારતીય એવા પોતાના ધર્મપુત્રને તેઓએ શક્યતઃ નિપુણ અને પરિપક્વ કર્યા અને પોતાના પ્રતિનિધિ રૂપે ભારત મોકલ્યો. આમ લગભગ બે હજાર વર્ષના દીર્ઘ અંતરાલ બાદ આ મહાન દેશમાં ભગવતી વિપશ્યના વિદ્યાનું પુનરાગમન થયું. અત્યાર સુધીમાં થયેલું કામ પર્યાપ્ત નથી, છતાં સંતોષ એ વાતનો છે કે આરંભ તો થયો! અને આરંભ પણ યથોચિત થયો. આપણે એ મહાન સંતના ખૂબ ખૂબ આભારી છીએ, જેમની નિષ્ઠા અને લગન થકી ભારતે પોતાની ખોવાઇ ગયેલી અણમોલ સંપદા પ્રાપ્ત કરી! એ સંતનું ઋણ શી રીતે વિસરાય? એ ઋણ શી રીતે ચૂકવી શકાય?

ઉપાય કેવળ એ જ છે કે એક તો આપણે પોતે આ વિદ્યામાં સ્વયં પાકીએ અને બીજું એ કે મહત્તમ લોકો આ વિદ્યાના સંપર્કમાં આવીને પોતાનું કલ્યાણ સાધી શકે એ કાર્યમાં આપણે એમની સહાયતા કરીએ. એ જ હતું પૂજ્ય ગુરુદેવનું કલ્યાણકારી મંતવ્ય, તેમના જીવનનું માંગલિક ધ્યેય; એ જ તેમનું શ્રેય હતું એ જ તેમનું પ્રેય! વિપશ્યનાનો આ અભ્યાસ સાંપ્રદાયિક નથી, કોઈ એક સંપ્રદાય સાથે જોડાએલો નથી. તેની સર્વજનીનતા સ્વયંસિદ્ધ છે. તે માટે કોઈ સંપ્રદાયમાં દીક્ષિત થવાની બિલકુલ આવશ્યકતા નથી. જેમ આસન અને પ્રાણાયામ શરીરની કસરત છે, તેમ વિપશ્યના મનની કસરત છે. તેનો અભ્યાસ કોઇ પણ સંપ્રદાયની વ્યક્તિને એકસમાન ફળ પ્રાપ્ત કરાવે છે. તેને સ્વચ્છ જીવન જીવવાની કળા હસ્તગત થાય છે, જીવન સુખ-શાંતિથી સભર થઈ જાય છે. આવું પ્રત્યક્ષ દેખાય છે. વિભિન્ન સંપ્રદાયોના લોકો વિપુલ સંખ્યામાં શિબિરોમાં સામેલ થઈને લાભાન્વિત થઈ રહ્યા છે.

ગુરુદેવ સયાજી ઊ બા ખિન આતુર હતા, બર્માથી કોઈ સંપ્રદાય ભારતમાં મોકલવા માટે નહીં, બલ્કે સર્વહિતકારિણી વિપશ્યના મોકલવા માટે! અરે, સંપ્રદાયો તો અહીં અસંખ્ય છે; અને જે છે તેનાં પરિણામો આપણી સામે છે! સંપ્રદાય શબ્દનો અર્થ છે સમતા પ્રદાન કરવી. પરંતુ જે પણ સંપ્રદાયો છે તે સમતા પ્રદાન કરવાને બદલે સમાજમાં વિષમતા પ્રદાન કરી રહ્યા છે. એ સ્થિતિમાં વધારાનો એક સંપ્રદાય ઉમેરી દેવાય તો આ દેશનું શું ભલું થાય? આ વાત ગુરુદેવ ખૂબ સારી રીતે સમજતા હતા. સર્વજનીન ધર્મ જ ભારતનું અને વિશ્વનું કલ્યાણ કરશે, એ જ તેમને અભિપ્રેત હતું.

ધર્મની શુદ્ધતા સમજાવા લાગશે તો એ પણ સમજાવા લાગશે કે કૃતજ્ઞતા ધર્મનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. જે બર્મા દેશે આપણા દેશના આ અણમોલ નિધિનું લગભગ બે હજાર વર્ષ સુધી આટલી સજગતાપૂર્વક શુદ્ધરૂપમાં સંરક્ષણ કર્યું અને હવે આપણા કલ્યાણ અર્થે પરત કરેલ છે, તેનો ઉપકાર માનવા માટે તેના પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ જાગવો નિતાંત આવશ્યક છે. એ જ ધર્માનુકૂલ છે.

અધિકતમ લોકો વિપશ્યનાથી લાભાન્વિત થાઓ! ભારતના જ નહીં, સમગ્ર વિશ્વના તમામ હિંસાત્મક ઝઘડાઓ સમાપ્ત થાઓ! ફરી એક વાર વિપશ્યનાની પાવન ધર્મગંગા વહેવા લાગે અને તેના પ્રભાવથી વિશ્વનું મહાકલ્યાણ થાઓ! આવી ધર્મભાવનાની આવી પ્રેરણા ધરાવનારા એ ગૃહસ્થ સંત સયાજી ઊ બા ખિન પ્રત્યે આપણી કૃતજ્ઞતા પ્રગટ કરવાનો આ એક મંગલ પ્રયાસ છે.

કૃતજ્ઞતા ખરેખર ઉત્તમ મંગલ છે. આ ઐતિહાસિક મહાન ધર્મયજ્ઞમાં આપણા તરફથી આહુતિ નાખતી વખતે પુરાતન ભારતની શુદ્ધ દાન-ચેતના પણ સમજવી જોઇએ. પ્રાચીન ભારતમાં શુદ્ધ ધર્મના ક્ષેત્રમાં દાનની પરંપરા અત્યંત પવિત્ર અને સાત્ત્વિક ગણાતી. આપણે એ પવિત્રતાની સ્થાપના કરવાની છે જેથી કરીને દેશનું ગૌરવ તથા ગરિમા વધે અને લોકકલ્યાણ પણ થાય.

પુરાતન પરંપરાનુસાર એક ભિક્ષુ જ્યારે નગરમાં ગોચરી અર્થે નીકળતો તો હાથમાં ભિક્ષાપાત્ર લઈને નીચી નજરે, મૌન સાધીને ક્રમશઃ એકેક ઘર પાસે એકાદ મિનિટ ઊભીને ચારિકા કરતો. તે "ભિક્ષાં દેહિ" કહેતો નહીં કે ન તો "ભાઇ, ભૂખ્યો છું, બાબા રોટી દો" એવી રઢ લેતો. પુરાતન ભારતનો ભિક્ષુ ભિખારી ન હતો. ભિક્ષુ અને ભિખારી વચ્ચે ઘણું અંતર છે. જે વ્યક્તિ વિપશ્યના સાધના દ્વારા ભવસંસરણનાં દુઃખોનું ભેદન કરે છે તે જ ભિક્ષુ ગણાય, **भिन्दति दुक्खं'ति भिक्खु**। તે ભીખ માગવા માટે ચારિકા કરતો ન હતો, બલ્કે ધર્મની શુદ્ધ પરંપરાનુસાર ગૃહસ્થોને પુણ્ય કમાવાનો અવસર પ્રદાન કરવા માટે દરેક ઘર સામે ઊભો રહેતો. એક મિનિટમાં ઘરમાંથી કોઈ બહાર ન આવે તો પ્રસન્નચિત્તે તેના માટે મંગલકામના કરીને આગળ વધી જતો; બહાર આવીને કોઈ તેના પાત્રમાં ભોજન નાખે તો તેના માટે પણ એ જ રીતે

મંગલકામના કરીને આગળ વધી જતો.

અને બનતું એવું કે ભિક્ષુઓની ચારિકા વખતે ગૃહસ્થો સ્વતઃ પોતપોતાના ઘરના દ્વારે ઉત્સુકતાભેર તેમની પ્રતીક્ષા કરતા; જે આજે પણ પડોશી દેશોમાં જોવા મળે છે. ધર્મવાન ગૃહસ્થ ભોજનદાન દેવાનો અવસર પ્રદાન કરવા માટે ભિક્ષુઓનો આભાર માને છે. આ પાવન પ્રથાને લીધે ભિક્ષુના મનમાં ભિખારીની હીન ભાવના જાગતી નથી કે ન તો ગૃહસ્થના મનમાં અહંકાર જાગે છે. દાન દેવું અને દાન લેવું, બેઉ નિષ્કલંક અને ધર્મપૂર્ણ રહે છે.

સદ્ધર્મ સંબંધી બધાં દાન આવી શુદ્ધતાપૂર્વક અપાવાં જોઇએ. પ્રથમ તો માનસમાં એવી ચેતના જાગવી જોઇએ કે જે હું દાન આપું છું તે પૂર્ણ થયે માત્ર આજની જ નહીં બલ્કે સદીઓ સુધીની ભાવી પેઢીઓના કોટિકોટિ લોકો પુનઃ વિપશ્યના પ્રતિ આકર્ષિત થશે અને એ રીતે મારા આ દાનનાં મૂળિયાં સદીઓ સુધી સબળ રહીને ફળદાયી બનશે! મારું કેવું સૌભાગ્ય કે દીર્ઘકાળ સુધી ફળદાયી પુણ્ય અર્જિત કરવાનો અનેરો અવસર મને પ્રાપ્ત થઈ રહ્યો છે! પ્રત્યેક દાનીના મનમાં આવી ભાવના જાગવી આવશ્યક છે. અને જે વિપશ્યી દાન દેવા માગે છે તેના મનમાં બીજી એક શુભ ચેતના જાગવી જોઇએ કે અમારા દાદાગુરુએ આ કલ્યાણકારી વિદ્યા ભારત ન મોકલી હોત તો મારું કલ્યાણ શી રીતે થાત?! આ બૃહદ આયોજનમાં મારી શક્તિ અને સામર્થ્યાનુસાર થોડો ઘણો જે સહયોગ હું આપી રહ્યો છું તે એ મારી કૃતજ્ઞતા પ્રગટ કરવાનો ટચુકડો પ્રયાસમાત્ર છે.

ભારતમાં તેમ જ વિશ્વમાં કલ્યાણી વિપશ્યના થકી લોકકલ્યાણનું પુણ્યકાર્ય દીર્ઘકાળ પર્યંત ગતિમાન રહે અને સર્વકલ્યાણની ધર્મકામના પૂર્ણ થાઓ, આ ધર્મચેતનાથી આપવામાં આવેલો થોડો કે ઘણો સહયોગ ખરેખર ખૂબ પુણ્યફળદાયી જ હોય! ભારત પોતાની પુરાતન ગરિમા સાથે પુનઃ જાગે અને વિપશ્યના રૂપી મણિ પોતાના શિરે ધરીને અહિંસાના આ પ્રયોગાત્મક પ્રશિક્ષણનું સમસ્ત સંસારમાં વિતરણ કરતાં કરતાં જનગણમાં શાંતિ ફેલાવે. આના પ્રભાવથી સમગ્ર વિશ્વનું મંગલ થાઓ! આખા વિશ્વનું કલ્યાણ થાઓ! સંપૂર્ણ વિશ્વમાં વિપશ્યના ફેલાય! દુખિયારાંનાં દુઃખ દૂર થાઓ! સૌને સુખશાંતિ મળે! સૌનું કલ્યાણ થાઓ! સૌનું મંગલ થાઓ! સૌની સ્વસ્તિ-મુક્તિ થાઓ!

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કાજી**

## વિપશ્યના સાધના વિષયક માહિતી વોટસ્એપ દ્વારા મેળવવા માટે

## સાધકોના પરિચિતોને જોડવા માટે

✦ આપના પરિચિતોને સાધના કરવાની પ્રેરણા મળતી રહે તેવા વોટ્સએપ મેસેજ આ નંબર પરથી મળતા રહેશે.

✦ આપના પરિચિતોને વિપશ્યના સાધના સાથે જોડવા માટે આ નંબર સેવ કરવા તેમ જ એક વખત નામ અને શહેર લખી વોટ્સએપ કરવા માટે પ્રેરિત કરવા.

✦ જેથી કેન્દ્ર પરથી તેમ જ અલગ અલગ સ્થળો પર થતા પરિચય કાર્યક્રમોની માહિતી, ગુરુજીના પ્રવચનો તથા અન્ય વિડીઓ મેસેજ તેઓને મહિનામાં ફક્ત બે વખત મળતા રહેશે.

✦ આ બ્રોડકાસ્ટ ગ્રૂપ હોવાથી ફક્ત કેન્દ્ર તરફથી જ મેસેજ મળશે, અન્ય કોઇ મેસેજ મૂકી શકશે નહીં.

**JOIN OUR WHATSAPP BROADCAST**

**TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on**

SAVE THIS NUMBER **94262 02222** SAVE THIS NUMBER

## -: કળસાર ખાતે ૧૦ દિવસીય શિબિર :-

ત્રિવેણી તીર્થ કળસાર ખાતે ૧૦ દિવસીય **તારીખ : ૨૨-૧૦ થી ૨-૧૧-૨૦૧૭** દરમ્યાન શિબિર નું આયોજન કરેલ છે.

**:: રજીસ્ટ્રેશન માટે સંપર્ક ::**

૧. ડો. પ્રવીણ બલદાણીયા ફોન : ૦૨૮૪૪-૨૮૧૪૫૦, ૨૮૧૫૮૬, મો.: ૯૯૭૯૧ ૮૬૮૫૬ સદભાવના ટ્રસ્ટ હોસ્પિટલ, વડલી

૨. શ્રી નાગરભાઇ પટેલ, ત્રિવેણી તીર્થ :ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કળસાર, તા. મહુવા, જિ. ભાવનગર . ફોન : ૦૨૮૪૪-૨૮૧૪૨૩, મો.: ૯૯૯૮૪૩૬૭૧૧

## જુનાગઢ જીલ્લાના સાધકો માટે રાજકોટ-ધમ્મકોટ ખાતે પરિચય કાર્યક્રમ

**તારીખ : ૨૯-૧૦-૨૦૧૭ રવિવાર**

જુનાગઢ જીલ્લા તેમ જ આસપાસના વિસ્તારના સાધકોના પરિવારજનો તેમ જ મિત્રો-પરિચિતો લાભ લઇ શકે એવા ખાસ હેતુથી રાજકોટ-ધમ્મકોટ ખાતે વિપશ્યના પરિચય કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.

| | |
|---|---|
| **સમય :** | સવારે : ૦૮.૦૦ થી સાંજે ૦૪.૩૦ |
| **પ્રસ્થાન સ્થળ :** | ઝાંસી રાણીના પુતળા પાસે, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે, જૂનાગઢ. |

**:: કાર્યક્રમ ::**

| | |
|---|---|
| **સવારે ૦૮.૦૦ -** | જુનાગઢથી પ્રયાણ |
| **૧૦.૦૦ થી ૧૦.૧૫** | ચા-નાસ્તો |
| **૧૦.૧૫ થી ૦૧.૧૫** | કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાત, આનાપાન ધ્યાન, વિપશ્યના અંગે પ્રવચન, પ્રશ્નોત્તરી/અનુભવો |
| **૦૧.૧૫ થી ૦૨.૦૦** | ભોજન |
| **સાંજે ૦૪.૩૦ -** | રાજકોટ થી જુનાગઢ પરત પ્રયાણ |

**-:: સંપર્ક ::-**

ડો. ધીરૂભાઇ શાહ - મો.: ૯૮૯૮૦ ૨૨૧૩૬

રમણીકભાઇ કવા - મો.: ૯૪૨૭૨ ૦૫૪૦૫

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૭-૧૮ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, Ph.: 0281-2924942, M : 93279 23540, E-mail : dhammakot@gmail.com

27-09 to 08-10
18-10 to 29-10
01-11 to 12-11
15-11 to 26-11
29-11 to 10-12

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
19-01 to 27-1-18
12-09 to 20-9-18

**10 Day Spl.**
10-09 to 21-09-18

**3 DAYS**
12-10 to 15-10-17
28-12 to 31-12-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

27-09 to 08-10-17
24-10 to 04-11-17
05-11 to 16-11-17
21-11 to 02-12-17
03-12 to 14-12-17

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
12-10 to 15-10-17

**10 DAYS SPL.**
18-12 to 29-12-17

**STP**
20-12 to 28-12-17

**20 DAYS**
03-02 to 24-02-18

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575, M : 99745 75660, E-mail : info@sindhu.dhamma.org

21-10 to 01-11-17
05-11 to 16-11-17
19-11 to 30-11-17
03-12 to 14-12-17
17-12 to 28-12-17

**ફક્ત જૂના સાધકો માટે**

**20 DAYS**
04-03 to 25-03-18

**30 DAYS**
04-03 to 04-04-18

**45 DAYS**
01-01 to 16-02-18

**STP**
05-11 to 13-11-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690, M : 94264 19397, E-mail : info@pitha.dhamma.org

27-09 to 08-10-17
16-10 to 27-10-17
06-12 to 17-12-17
20-12 to 31-12-17
03-01 to 14-01-18
17-01 to 28-01-18
01-02 to 12-02-18
14-02 to 25-02-18

**ફક્ત જૂના સાધકો માટે**

**30 DAYS**
30-10 to 30-11-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000. E-mail : info@divakara.dhamma.org

04-10 to 15-10-17
21-10 to 01-11-17
03-11 to 14-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17
13-12 to 24-12-17
27-12 to 07-01-18
10-01 to 21-01-18
21-02 to 01-03-18

**ફક્ત જૂના સાધકો માટે**

**20 DAYS**
28-01 to 18-02-18

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636, M : 97149 11913, M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066, M : 88 66 71 3636, E-mail : dhammapali15@gmail.com

01-10 to 12-10
17-10 to 28-10
29-10 to 09-11

**ફક્ત જૂના સાધકો માટે 3 DAYS**
01-02 to 04-02-18
08-03 to 11-03-18

**STP**
26-05 to 03-06-18

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302 M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

29-10 to 09-11-17

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સિટિ ઓફિસથી વાહન મળશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યકિતએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

હમ હી અપને કર્મ સે, હોતે શુદ્ધ અશુદ્ધ ।
અન્ય કૌન શોધન કરે, દેવ બ્રહ્મ યા બુદ્ધ ?
બ્રહ્મા દેવી દેવતા, કૌન કરે ભવ પાર ?
રાખ ધરમ કા આસરા, અપના કર્મ સુધાર ॥
કર્મ સબલ ઈશ્વર નિર્બલ, પગ પગ યહી વિધાન ।
તો ઈશ્વર કે ફેર મેં, ક્યોં ઉલઝા નાદાન ?

## દોહા ધરમના

પાપી ડૂબા પાપ મેં, પડા મૌત કે ફન્દ ।
ઈશ ભલા ક્યા કર શકે ? સુગતિ દ્વાર સબ બંધ ॥
કર્મ-બંધ કી ગ્રંથિયાં, અંતર રહા સમાય ।
જબ જબ હોય ઉદીરણા, બેચૈની હી લાય ॥
નામ બદલ કર ક્યા મિલે ? કામ બદલ સુખ પાય ।
ભેષ બદલ કર ક્યા મિલે ? મન બદલે દુઃખ જાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 6 સપ્ટેમ્બર 2017** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

Weighs less than 30 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org